# શહેરમાં ડહોળુ અને અપુરતા ફોર્સથી અપાતા પાણી પુરવઠાનો પ્રશ્ન સંકલનમાં છવાયો

**ગેરકાયદે હોસ્ટેલ માટે તંત્ર ભેદભાવ રાખે છે : આવી હોસ્ટેલોમાં ફાયર સેફ્ટીના સાધનો માટે પણ તપાસ કરવામાં તંત્ર ઉદાસીનતા દાખવે છે : લેખિતમાં રજુઆત કર્યા પછી મુહૂર્તની રાહ પગલાં લેવા માટે જોવાય છે : ઠાકોર**




ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આવતા ડહોળા પાણી તેમજ હોસ્ટેલો સામે સીલીંગના લેવામાં આવતા પગલાંઓમાં ભેદભાવની નીતિનો મુદ્દો જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં છવાયેલા રહ્યા હતા.

જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે આજે મળેલી બેઠકમાં આ બે મુદ્દે ખુબજ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડાએ આ બે મુદ્દાઓને લઈ ભારે તડાપીટ બોલાવી હતી તો ક્યાંક ક્યાંક ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ સૂર પૂરાવ્યો હતો અને વ્યવહારૂ ઉકેલ માટે રજુઆતો કરી હતી.

ગાંધીનગર શહેરમાં પેયજળ ડહોળુ આવતુ હોવાની તેમજ પૂરા ફોર્સથી પુરવઠો નહિ મળતો હોવાની રજુઆત શંભુજી ઠાકોરે કરી હતી. તેમણે વિવિધ સેક્ટરો અને ગ્રામ્ય વિસ્તારમાં આ ફરિયાદો વધી હોવાનું જણાવ્યુ હતુ.

ડૉ. સી.જે. ચાવડાએ આ મુદ્દે કહ્યુ હતુ કે પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિ ગાંધીનગરની છે. આ મુદ્દે રજુઆત કરાઈ તો શહેર માટે ઉપાડવામાં આવતા જથ્થામાં કાપ મુકાયો પણ ડહોળા પાણીના શુદ્ધિકરણની ક્ષમતા વધારવાના પ્રયાસો કરવામાં આવ્યા નથી.

તેમણે સંત સરોવરમાંથી પાણીનો જથ્થો મેળવી અને તેને શુદ્ધ કરી આપવાનો વૈકલ્પિક વિચાર પણ રજુ કર્યો હતો. એક તબક્કે ચર્ચા દરમ્યાન તેમણે લાઈટર ટોનમાં કહ્યું હતું કે અધિકારીઓ માટે કદાચ જુદી લાઈન હશે..!

આ બેઠકમાં શંભુજી ઠાકોરે પાણીના નમૂના લઈ અને તે પીવા યોગ્ય છે કે નહિ તેની પણ તપાસ કરાવવાનો આગ્રહ કર્યો હતો. જિલ્લા કલેક્ટરે આ બાબતે યોગ્ય કાર્યવાહી ઝડપથી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# સેક્ટર-૧૪માં ગટરના દુષિત પાણીના ભરાવાથી રહીશો ત્રસ્ત

**સરદાર પટેલ હાઉસીંગ સોસાયટીમાં ઘણાં સમયથી ગટરના દુષિત પાણીના ભરાવાથી અસહ્ય ગંદકી રહીશો તોબા રોગચાળાનો ખતરો : અનેક રજુઆતના અંતે પણ સમસ્યાનો હલ આવતો નથી**

ગાંધીનગર તા ૨૧

શહેરના સે-૧૪ માં સ્થિત સરદાર પટેલા હાઉસીંગ સોસાયટીમાં છેલ્લા ઘણાં સમયથી ગટરનુ દુષિત પાણી ફરી વળતા નર્કાગાર જેવી સ્થિતિ ઉભી થઈ છે. આ મામલે અનેકવાર ફરિયાદો કરવા છતા કોઈ પગલા લેવાતા નથી આ સ્થિતિ વચ્ચ ગુંગળામણ અનુભવતા સ્થાનિક રહીશો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે.

શહેરમાં ગટરોની સમસ્યા પેચીદી બની છે. સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતુ હોવાની ફરિયાદો વધતા સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. આમ નાગરિકો આમ પણ વરસાદી ઋતુમાં ગંદકી અને રખડતા ઢોરના લીધે ત્રસ્ત છે. જયારે વધુમાં ગટરોનુ દુષિત પાણી પણ ઘર આંગણે ઉભરાતા રહેવુ મુશ્કેલ બન્યુ છે. શહેરના જુના અને નવા સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોથી આમ નાગરિકો પરેશાન છે. સે-૧૪ ની સરદાર પટેલ હાઉસીંગ સોસાયટીના બ્લોક નં-૮,૧૮ અને ૧૯ પાસે ગટરોનુ દુષિત પાણી ફરી વળ્યુ છે. છેલ્લા ઘણાં દિવસોથી સ્થાનિક રહીશો આ સ્થિતિ વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે.દાયકાઓ જુની ગટર લાઈન વારંવાર ઉભરાતા સ્થાનિકોની ફરિયાદોનો નિકાલ પણ સમયસર આવતો નથી. તંત્રએ આ મામલે નવા બે સુપર સકર મશીન ભાડેથી કાર્યરત કરવા માટે પણ પ્રક્રીયા હાથ ધરી છે. બીજીતરફ સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે પણ આયોજન પાઈપલાઈન હેઠળ છે. પરંતુ હાલ સતત ઉદભવતી આ ફરિયાદોને ડામવા માટે તંત્રએ ત્વરિત ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા છે. સેકટરોમાં ઘરે ઘરે વાયરલ ફીવર સહીત ડેન્ગયુ અને મેલેરીયા સહીતના રોગચાળાએ જોર પકડયુ છે. આવા સંજોગોમાં ગટરોનુ દુષિત પાણીના લીધે પણ નાગરિકો પર રોગચાળાનો ખતરો મંડરાયો છે.

સેકટરોની ડ્રેનેજ ઈન્કવાયરી પણ આ મામલે નિષ્ક્રીય છે. આમ નાગરિકોની ફરિયાદ સંદર્ભે કોઈ પગલા લેવાતા નથી. ગટર લાઈન બદલવાની કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે જયારે શહેરના સેકટરોની વસતી અને વિકાસ મુજબ નવી લાઈન નાંખવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. આવા સંજોગોમાં સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ફરી વળતા ઠેર ઠેર અસહ્ય ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. સેકટરવાસીઓની ફરિયાદ ડામવા માટે તંત્રએ યુધ્ધના ધોરણે કામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

**સેક્ટરોમાં ઘરે ઘરે વાયરલ ફીવર સહીત ડેન્ગ્યુ અને મેલેરીયા સહીતના રોગચાળાએ જોર પકડયુ છે**

# ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ તરીકે જયોતિષ ભટ્ટની પુનઃ નિમણુંક

ગાંધીનગર તા ૨૧

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ તરીકે જયાતિષ ભટ્ટની વધુ એક



વર્ષ માટે નિમણુંક કરવામાં આવી છે. અગાઉ પણ તેમણે અકાદમીના સભ્ય સચિવ તરીકે એક વર્ષ ઉમદા કામગીરી બજાવી હતી.

જયાતિષ એમ ભટ્ટે અગાઉ અમદાવાદ આરટીઓ, પ્રાંત અધિકારી ધાંગધ્રા, નિવાસી નાયબ કલેકટર તાપી વ્યારા, પ્રોજેકટ એડમિનીસ્ટ્રેટીવ લુણાવાડા, નિવાસી અધિક કલેકટર અમરેલી તેમજ ગુજરાત સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ તરીકે પણ ઉમદા કામગીરી કરી છે.

# શહેરમાં રખડતા ઢોરની સમસ્યાના ઉકેલ માટે સુયોગ્ય સંકલન જરૂરી : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં રખડતા પશુધનની સમસ્યાના નિરાકરણ માટે પોલીસ અને મનપાનું તંત્ર સુયોગ્ય સંકલન કરી આગળ વધે જિલ્લા તંત્ર તેમની સાથે રહેશે તેવી હૈયાધારણ આજે જિલ્લા કલેક્ટર લાંગાએ આપી હતી.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યાને લઈ આજે જિલ્લા કલેક્ટરે એક ખાસ બેઠક કલેક્ટર કચેરી ખાતે બોલાવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે જણાવ્યુ હતુ કે છુટી છવાઈ રીતે પકડી અને સમસ્યાનો ઉકેલ નહિ આવે તેમણે આ મુદ્દે માઈક્રો પ્લાનીંગ કરવા પર ભાર મુક્યો હતો. કલેક્ટરે એમ પણ સૂચવ્યુ હતુ કે હાલ જે પોલીસ બંદોબસ્ત છે તેમાં વધારો કરવો હોય તો પોલીસ તંત્રને સાથે રાખી માઈક્રો પ્લાનીંગ મુજબ આગળ વધવુ જોઈએ.

તેમણે ઢોર ડબ્બામાં બિમાર પશુધનની સારવાર માટે પણ પુરતા પગલાં લેવામાં આવે તેમજ ઘાસચારાના જથ્થા માટે પણ આયોજન કરી લેવાનો આગ્રહ કર્યો હતો.

જિલ્લાતંત્ર દ્વારા જરૂરી જોગવાઈઓ અંતર્ગત જો જાહેરનામુ પ્રસિદ્ધ કરવાનું હોય તો તે માટે તાત્કાલિક દરખાસ્ત કરવામાં આવે અને કમિશનર પણ આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યા પછી આનુસંગિક કાર્યવાહી અને

● અનુસંધાન પાન-૭ પર

# મચ્છરોના ઉપદ્રવથી શહેર રોગચાળાની ગિરફતમાં

**રહીશો માથે ખતરો : સેકટરોમાં રોગચાળાને ડામવા માટે દવા છંટકાવ અને સફાઇ અભિયાન હાથ ધરવા પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૨૧

શહેરમાં વરસાદી માહોલ યથાવત છે. શહેર પણ રોગચાળાની ગિરફતમાં છે. વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે સેકટરોમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે .નવા અને જુના સેકટરોમાં રોગચાળાનુ જોર વધ્યુ છે. સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા માટે દવા છંટકાવ સહીતના અસરકારક પગલા લેવામાં આવતા ન હોવાનો રોષ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. રોગચાળાને અંકુશમાં લેવા માટે દવા છંટકાવ સહીત સફાઈ અભિયાન હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રોગચાળાએ માથુ ઉંચકયુ છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા સેકટરો રોગચાળાની ઝપટે ચઢયા છે. વરસાદી વાદળો પણ હજુ દુર હટયા નથી. રોજબરોજ આકાશી નઝારો નિખરે છે. વરસાદી ઋતુ દરમિયાન સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ ઠેર ઠેર ડોકીયા કરતી નજરે પડે છે. વધી ગયેલી વનસ્પતિ અને ઘાસની સાથે સેકટરોમાં ગંદકીના દ્રશ્યો પણ વિકરાળ ભાસી રહ્યા છે. વાતાવરણ પર વરસાદી મોસમની હજુ પક્કડ છે આવા સંજોગોમાં વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ રોગચાળાનુ ઉદભવ સ્થાન બન્યા છે. ઠેર ઠેર મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. સફાઈ અને દવાછંટકાવ સહીતની કામગીરી પણ હજુ પુરતી થતી નથી. જેના લીધે દિનપ્રતિદિન રોગચાળો સેકટરોમાં પગપેસારો મજબુત કરી રહ્યો છે. સેકટરોની શેરીઓમાં મચ્છર અને જીવાતના ઉપદ્રવથી જનજીવન પરેશાન છે. બીજીતરફ મચ્છર જન્ય રોગચાળાનુ જોર પણ વધ્યુ છે. ડેન્ગયુના દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યાર રોગચાળાને અંકુશમાં લેવા માટે માત્ર જનજાગૃતિ અભિયાનથી કામ ચાલે તેમ નથી. સેકટરોમાં મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે નક્કર પગલા લેવાની અનિવાર્યતા છે. સેકટરોમાં મચ્છરોનો નાશ કરવા માટે દવા છંટકાવનુ અભિયાન પણ હાથ ધરવાની અનિવાર્યતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ૨૧ ઓક્ટોબરે ચાર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી

**૨૪મીએ પરિણામ : અમરાઈવાડી, ખેરાલુ, થરાદ, લુણાવાડા સીટ માટે તારીખ જાહેર : બાયડ, રાધનપુર, મોરવાહડફ સીટની તારીખ બાકી**

ગાંધીનગર, તા.૨૧

કેન્દ્રીય ચૂંટણીપંચે ગુજરાત વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણીની તારીખ અંગેની મહત્વની જાહેરાત કરી હતી. ગુજરાતમાં તા.૨૧ ઓક્ટોબરે ચાર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી યોજાશે. જ્યારે આ ચૂંટણીઓનું પરિણામ તા.૨૪મી ઓકટોબરે પરિણામ જાહેર થશે. આ ચારેય બેઠકો પર ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી ૩૦ સપ્ટેમ્બર છે જ્યારે તા.૩ ઓક્ટોબર સુધીમાં ફોર્મ પાછા ખેંચી શકાશે. આ બેઠકોમાં અમરાઈવાડી, ખેરાલુ, થરાદ, લુણાવાડા વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. જ્યારે બાયડ, રાધનપુર અને મોરવા હડફ બેઠકો પર જ્યાં કોંગ્રેસનો વિજય થયો હતો તે ત્રણ બેઠકોની પેટાચૂંટણીની તારીખો હજુ સુધી આજે જાહેર કરવામાં આવી નથી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ચાર ધારાસભ્યોનો વિજય થતાં અમરાઈવાડી, થરાદ, ખેરાલુ અને લુણાવાડા બેઠક ખાલી થઈ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના ૨૬ સાંસદોમાંથી ચાર ધારાસભ્યો સાંસદ બનતાં અમરાઈવાડી, ખેરાલુ, થરાદ અને લુણાવાડાની બેઠકો ખાલી પડી હતી.




અદભૂત અભિવ્યક્તિ - કડી સર્વવિશ્વ વિદ્યાલયના ૧૨માં યુવક મહોત્સવ - સંગત-૨૦૧૯માં ૧૧૨૩ વિદ્યાર્થીઓએ પોતપોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી. ગરબા, નાટક, એકપાત્રિય, ગીત-સંગીત, રંગોલી જેવી ૩૧ વિભાગોમાં વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ રજૂ થઈ હતી. શનિવારે સમાપન સમારોહ પૂર્વે યોજાયેલી માઈમ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ અદભૂત પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોના મન જીતી લીધા હતા...

# અંબાજી રૂટમાં ડેપોએ ૩૦૨ ટ્રીપો દોડાવી ૧૫.૮૦ લાખની આવક કરી

ગાંધીનગર તા ૨૧

ભાદરવી પુનમ નિમિત્તે ગાંધીનગરથી અંબાજી રૂટમાં ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે આ બસ સેવાના આધારે સપ્તાહ દરમિયાન અંબાજી સુધી ૩૦૨ જેટલી ટ્રીપ દોડવામાં આવી હતી. આ ખાસ બસ સેવાનો ૧૧૯૦૬ ભાવિકોએ લાભ લીધો હતો. અંબાજી રૂટની આ બસ સેવાના અંતે રૂ ૧૫.૮૦ લાખની આવક થઈ છે.

ભાદરવી પુનમ નિમિત્તે અંબાજી પગપાળા જતા ભાવિકોની સંખ્યા વિશેષ હોય છે. અંબાજીમાં ભાવિકોનુ ઘોડપુર ઉમટે છે. માતાજીના દર્શનાર્થે જતા ભાવિકોને વિશેષ બસ સેવા પુરી પાડવા માટે એસ ટી નિગમ દ્વારા વધારાની બસો દોડાવામાં આવે છે. અંબાજી રૂટમાં સેવા કેન્દ્રો પણ ધમધમતા હોય છે. ભાવિકોને માતાજીના દર્શન માટે અવરજવર કરવા માટે યોગ્ય વાહન સેવા મળી રહે તેવા આશયથી દર વર્ષે એસ ટી દ્વારા વધારાની બસો આ રૂટમાં દોડવવામાં આવે છે. આ વર્ષે પણ આ મુજબ નવી ટ્રીપોનુ આયોજન કરાયુ હતુ. ગાંધીનગર ડેપો દ્વારા અંબાજી રૂટ માટે સાત દિવસ સુધી વધારાની બસ સેવાનુ આયોજન કરાયુ હતુ. તા ૮થી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન એસ ટી તંત્ર દ્વારા ૩૦૨ જેટલી ટ્રીપો દોડાવામાં આવી હતી. આ દરમિયાન ૧૧૯૦૬ જેટલા મુસાફરોએ આ બસ સેવાનો લાભ લીધો હતો. અંબાજી રૂટની વિશેષ બસ સેવાના અંતે એસ ટી ડેપોએ રૂ ૧૫.૮૦ લાખની વધુ આવક રળી છે. એસ ટી ડેપો દ્વારા સમયાંતરે સરકારી તેમજ ધાર્મિક કાર્યક્રમોમાં વધારાની બસ સેવા પુરી પાડવામાં આવી રહી છે. જયારે લગ્નવર્ધિમાં પણ એસ ટી ની બસ સેવા દોડે છે. મુસાફરોની પાસ યોજના અંતર્ગત પણ મોટી સંખ્યામાં અપડાઉનકર્તાઓ સલામત સવારીનો લાભ લે છે. પરંતુ એસ ટી નિગમ મુસાફરોની સાચા અર્થમાં સલામતી માટે બેફિકર હોવાનુ સ્પષ્ટ થયુ છે. ગાંધીનગરના એસ ટી ડેપોમાં મુસાફરો ખુલ્લેઆમ તસ્કરીનો ભોગ બને છે. એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત થઈ નથી. પાટનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપોમાં રોજબરોજ મુસાફરો તસ્કરીનો ભોગ બને છે.

**ભાદરવી પુનમ નિમિત્તે એસ.ટી.ની આ ખાસ બસ સેવાનો ૧૧૯૦૬ મુસાફરોએ લાભ લીધો**

# ચૂંટણી પંચની સ્વંયતતા સામે પ્રશ્નાર્થ : અમિત ચાવડા

**ગાંધીજી જેમ હેલમેટ સહિત ટ્રાફિકના નવા નિયમો સામે સવિનય કાનૂન ભંગનું આંદોલન છેડવા કોંગ્રેસની ચીમકી**

અમદાવાદ, તા.૨૧

ગાંધી સંદેશ યાત્રામાં સુરતની મુલાકાતે આવેલા ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ રાજ્યમાં લાગુ થનારા ટ્રાફિકના નવા નિયમ વિરૂધ્ધ સવિનય કાનૂન ભંગનું આંદોલન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જેમ કરાશે એવી જોરદાર ચીમકી ઉચ્ચારી હતી. સાથે સાથે જ હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીની તારીખ જાહેર કરતાં ચૂંટણી પંચે ગુજરાતની ચાર બેઠકો માટે પેટાચૂંટણીની તારીખો જાહેર કરી હતી.

ગુજરાત રાજયમાં ખાલી પડેલી સાત વિધાનસભા બેઠકો પૈકીની ચાર બેઠકોની પેટા ચૂંટણીની તારીખો જાહેર કરી અન્ય ત્રણ બેઠકોની પેટા ચૂંટણીની તારીખ જાહેર નહી કરતાં તેમણે ચૂંટણી પંચની સ્વાયતત્તા અને કામગીરી પર ગંભીર સવાલ પણ ઉઠાવ્યા હતા.

ભાડે આપવાની છે
હોસ્ટેલ માટે
Rooms - Boys/Girls
Long Lease થી
Call Only Genuine Clients
THE SPACE
93287 01440
99250 05569

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com